સંપાદન કરવા માટે કોઈ અડચણ ... કોઈ તથ્ય નથી. કાયદામાંથી આવા બંધનનું કોઈ તત્ત્વ ઉપસ્થિત થતુ દેખાતુ નથી. (... એ.આર. ૪૮)

## (૬) સભ્યો, અધિકારીઓ અને નોકરોની જવાબદારીઓ

### ☐ ક. ૭૦. ગેરઉપયોગ માટે સભ્યોની જવાબદારી :

(૧) દરેક સભ્ય જો પોતે જે કોઈ નાણાંના ગેરઉપયોગ કરવામાં સામેલ થયેલો હશે અથવા આવો ગેરઉપયોગ સભ્ય તરીકેની તેની ફરજ પ્રત્યેની ગંભીર ગફલતને કારણે થયેલો હશે અથવા ગંભીર ગફલતથી સરળ બન્યો હશે તો તે સભ્ય આવા ગેરઉપયોગ માટે અંગત રીતે જવાબદાર થશે.

પરંતુ નગરપાલિકાએ અથવા તેના વતી કરેલા અથવા કરવામાં આવેલા કોઈ કરાર કે કબૂલાતના સંબંધમાં અથવા નગરપાલિકાએ અથવા તેના વતી કરેલા અથવા કરવામાં આવેલા કશા ખર્ચ માટે કોઈ સભ્ય અંગત રીતે જવાબદાર થશે નહિ. દરેક નગરપાલિકાને હસ્તક હોય તેવા નાણામાંથી કોઈ કરાર કે કબૂલાતના સંબંધમાં ખર્ચેલી રકમ અને આ તમામ ખર્ચ વસૂલ કરવા અને લેવામાં આવશે.

(૨) જો લાગતાવળગતા સભ્ય વિરુદ્ધનું કારણ દર્શાવીને તક આપ્યા પછી રાજ્ય અધિકાર આપેલા અધિકારીને એવી ખાતરી થાય કે સભ્ય નગરપાલિકાના કોઈ ફંડનો ગેરઉપયોગ કરવામાં સામેલ હતો અથવા તે ગેરઉપયોગ સભ્યની ગેરવર્તણૂક અથવા ભારે ગફલતનું સીધું પરિણામ છે, તો એવી રીતે અધિકાર આપેલા અધિકારીએ લેખિત હુકમ કરીને, આવા સભ્યને એવો આદેશ કરવો કે આવા ગેરઉપયોગ બદલ નગરપાલિકાને ભરપાઈ કરવા માટે જોઈતી રકમ, તેણે નક્કી કરેલી તારીખ પહેલાં નગરપાલિકાને આપવી.

(૩) જો એવી રીતે રકમ આપવામાં ન આવે, તો તે રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવામાં આવશે અને નગરપાલિકાના ફંડ ખાતે જમા કરવામાં આવશે.

**(૪) એવી રીતે અધિકૃત કરેલા અધિકારીના નિર્ણય અથવા પગલાંથી નારાજ થયેલી કોઈ વ્યક્તિ આવા નિર્ણય અથવા પગલાંની તારીખથી એક મહિનાની અંદર, તેની ફરિયાદના નિવારણ માટે જિલ્લા કોર્ટને અરજી કરી શકશે અને પોતાને જરૂરી લાગે તેવો પુરાવો લીધા પછી તે કોર્ટ તે હુકમને બહાલ રાખી શકશે તેમાં ફેરફાર કરી શકશે અથવા તે રદ કરી શકશે અને તે સંજોગોમાં પોતાને યોગ્ય લાગે તેટલું ખર્ચ કરવા અંગે હુકમ પણ કરી શકશે.**

## વિવરણ

(૧) ક્ષેત્રમર્યાદા-સભ્ય અથવા સભ્યો દ્વારા ગેરઉપયોગ ઉપર કોઈ નિયંત્રણ નથી પણ કોઈપણ વ્યક્તિએ

Scanned with CamScanner

કરેલી કોઈપણ ગેરઉપયોગને લાગુ પડે છે. એ.આઈ.આર. ૧૯૧૫ મુંબઈ ૧૯૭ આ કલમની આવી રકમ વસૂલ કરવાનો દાવાને આ કલમનો બાધ નથી અને સરકાર આવા દાવામાં પક્ષકાર હોવી જરૂરી નથી-કલમ ૨૫૨ હેઠળ ઠરાવેલી નોટિસ આપવી જોઈએ અન્યથા દાવો નિરર્થક બને. *(એ.આઈ. આર.૧૯૩૨ મુંબઈ ૫૬૨)*

**કલમ ૭૦ અને ૨૫૮ સાથે વાંચતા** મ્યુનિસિપલ બોડીના હોદ્દેદારો ટ્રસ્ટી તરીકે વર્તવા બંધાયેલા છે અને જ્યારે મ્યુનિસિપાલિટીની મિલકતો અંગે વ્યવહાર કરતી વખતે બધી સુસંગત માહિતી એકઠી કરવી જોઈશે અને બોડીના હિતમાં બાબત નક્કી કરવી જોઈશે - કલેક્ટરે કલમ ૨૫૮ હેઠળ બાબત નક્કી કરતી વખતે મૂળ સિદ્ધાંતોની અવગણના કરી ન શકે - કેસની વિશિષ્ટ હકીકતો લક્ષમાં લેતા તે કલેક્ટરને પાછું નક્કી કરવા મોકલવામાં આવ્યું. ***મહેશ દત્ત તે દુર્ગા દત્ત શર્માનો પુત્ર વિ. સ્ટેટ ઑફ ગુજરાત એન્ડ અધર્સ ૨૦૦૫(૩) જીએલઆર ૨૪૪૪ (ગુજરાત હાઈકોર્ટ),એ.એલ.ટી. ૨૦૦૬, પેજ નં. ૧૮૧.***

## □ ક. ૭૧. નગરપાલિકાના અધિકારી અથવા નોકરનો એવી નગરપાલિકા સાથેના કરારમાં હિતસંબંધ ન હોવા બાબત :

(૧) જે કોઈ વ્યક્તિ નગરપાલિકા સાથેના અથવા નગરપાલિકાના હુકમ અન્વયે કરેલા અથવા તેના વતી કરેલા કોઈ કરારમાં અથવા નગરપાલિકાના અધિકારી અથવા નોકર તરીકેની નોકરી સિવાયની નગરપાલિકાની અથવા તેના તાબા હેઠળની કોઈ નોકરીમાં જાતે કે પોતાના ભાગીદાર મારફત, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કંઈપણ ભાગ કે હિત ધરાવતી હોય તે આવી નગરપાલિકાનો અધિકારી અથવા નોકર થવાને ગેરલાયક થશે.

(૨) નગરપાલિકાનો જે કોઈ અધિકારી અથવા નોકર ઉપર જણાવ્યા પ્રમાણેના કોઈ કરાર અથવા નોકરીમાં જાતે કે પોતાના ભાગીદાર મારફત, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે, કંઈપણ ભાગ કે હિત સંપાદન કરે તે નગરપાલિકાનો અધિકારી અથવા નોકર હોતો બંધ થશે અને તેનો હોદ્દો ખાલી પડશે.

(૩) નગરપાલિકા સાથેના અથવા તેના હુકમ અન્વયે કરેલા અથવા તેણે કે તેના વતી કરેલા કોઈ કરારમાં અથવા તેની કે તેના તાબા હેઠળ કોઈ નોકરીમાં જે ભાગ કે હિત કલમ ૧૧ની પેટાકલમ (૩)ના ખંડ (૧), (૨) અને (૪) અન્વયે કોઈ વ્યક્તિને રાખવાની છૂટ હોય અને જે રાખવાથી તે સભ્ય થવા માટે ગેરલાયક થતો હોય તે ભાગ અથવા હિતને આ કલમનો કોઈ પણ ભાગ મજકૂરને લાગુ પડશે નહિ.

## □ ક. ૭૨. નગરપાલિકા સાથેના કોઈ કરાર વગેરેમાં હિત ધરાવતા નગરપાલિકાના સભ્ય, અધિકારી અથવા નોકર માટે શિક્ષા :

A - (ક) કોઈ વ્યક્તિને જે ભાગ અથવા હિત કલમ ૧૧ અન્વયે રાખવાની છૂટ હોય અને જે રાખવાથી સભ્ય થવાને ગેરલાયક થતો ન હોય તે ભાગ અથવા હિત સિવાયનો બીજો ભાગ અથવા હિત જે કોઈ **સભ્ય** જે નગરપાલિકાનો પોતે સભ્ય હોય તે નગરપાલિકા સાથે અથવા તેના હુકમ અન્વયે કરેલ અથવા તેના વતી કરેલા કોઈ કરારમાં અથવા નગરપાલિકાની અથવા તેના તાબા હેઠળની કોઈ નોકરીમાં પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે જાણી જોઈને સંપાદન કરે, અને

B - (ખ) નગરપાલિકાનો જે કોઈ અધિકારી અથવા નોકર જે ભાગ અથવા હિત કોઈ વ્યક્તિને કલમ ૧૧ની પેટાકલમ (૩)ના ખંડ (૧) તથા (૪) અન્વયે રાખવાની છૂટ હોય અને જે રાખવાથી સભ્ય થવાને ગેરલાયક થતો હોય તે ભાગ અથવા હિત સિવાયનો બીજો કોઈ ભાગ અથવા હિત જે નગરપાલિકાનો પોતે અધિકારી અથવા નોકર હોય તે નગરપાલિકાની સાથે અથવા તેના હુકમ અન્વયે કરેલા અથવા તેના વતી કરેલા કોઈ કરારમાં અથવા નગરપાલિકાના અધિકારી અથવા નોકર તરીકેની તેની પોતાની નોકરીને લગતો હોય તે સિવાય, નગરપાલિકાની અથવા તેના તાબા હેઠળની કોઈ નોકરીમાં, પ્રત્યક્ષ રીતે, જાણી જોઈને સંપાદન કરે, તે ફોજદારી કોર્ટ સમક્ષ દોષિત ઠર્યેથી એક હજાર રૂપિયા સુધીના દંડને પાત્ર થશે.

## □ ક. ૭૩. સભ્યો વગેરે રાજ્ય સેવકો ગણાશે :

(૧) નગરપાલિકાનો દરેક સભ્ય અધિકારી અથવા નોકર અને નગરપાલિકાનો કોઈ કર વસૂલ કરવા માટેનો કોઈ ઇજારદાર અથવા એવા ઇજારદારે નોકરીમાં રાખેલો દરેક નોકર અથવા બીજી વ્યક્તિ ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૨૧ના અર્થ પ્રમાણે રાજ્ય સેવક ગણાશે.

(૨) તે અધિનિયમની કલમ ૧૬૧માંની "કાયદેસર મહેનતાણું"ની વ્યાખ્યામાં આવતા "સરકાર"

Scanned with CamScanner

શબ્દમાં આ કલમની પેટાકલમ (૧)ના હેતુઓ માટે નગરપાલિકાનો સમાવેશ થાય છે એમ ગણાશે.

## વિવરણ

**ભારતીય ફોજદારી કાયદાની કલમ ૨૧ નીચે પ્રમાણે છે :**

**ક. ૨૧. 'રાજ્યસેવક' :** 'રાજ્યસેવક' એ શબ્દ નીચેના વર્ણનમાં આવી જતી વ્યક્તિઓનો નિર્દેશ કરે છે.

**પહેલું**–૧૯૫૦માં રદ.

**બીજું**–ભારતના ભૂમિદળ, નૌકાદળ અથવા હવાઈદળના દરેક કમિસન ધરાવતા અધિકારી.

**ત્રીજું**–જાતે અથવા અમુક વ્યક્તિઓના મંડળના સભ્ય તરીકે ન્યાય નિર્ણય કરવાનું કોઈ કાર્ય બજાવવાની કાયદાથી સત્તા હોય એવી એક વ્યક્તિ સહિત દરેક ન્યાયાધીશ; **(આર. એસ. નાયક વિ. એ. આર. અંતુલે, ૧૯૮૪ ક્રિ.લૉ.જ. ૬૧૩ સુ.કો.)**

**ચોથું**–ન્યાયકોર્ટના અધિકારી તરીકે જેમની ફરજ કાયદા કે હકીકતની કોઈ બાબત વિશે અન્વેષણ કરવાની કે રિપોર્ટ કરવાની અથવા કોઈ દસ્તાવેજ કરવાની, તેને પ્રમાણિત કરવાની કે તેને રાખવાની, અથવા કોઈ મિલકત પોતાને હવાલે લેવાની કે તેનો નિકાલ કરવાની, અથવા કોઈ ન્યાયિક કાર્યવાહી હુકમનો અમલ કરવાની, અથવા શપથ લેવરાવવાની અથવા અર્થઘટન કરવાની, અથવા કોર્ટમાં વ્યવસ્થા જાળવવાની ફરજ હોય તેવા દરેક અધિકારી અને એવી કોઈ ફરજ બજાવવા જેને ન્યાયકોર્ટે ખાસ કરી અધિકાર આપેલો હોય તેવી દરેક વ્યક્તિ;

**પાંચમું**–કોઈ ન્યાયકોર્ટ અથવા રાજ્ય સેવકને મદદ કરનાર દરેક જ્યુરીસભ્ય, એસેસર અથવા પંચાયતના સભ્ય;

**છઠ્ઠું**–કોઈ ન્યાય કોર્ટે અથવા બીજા કોઈ કાયદેસર સત્તા ધરાવતા જાહેર અધિકારીએ, જેને કોઈ દાવો કે બાબત નિર્ણયાર્થે કે તે વિષે રિપોર્ટ કરવા માટે મોકલ્યો હોય તેવા દરેક લવાદ કે અન્ય વ્યક્તિ;

**સાતમું**–કોઈ વ્યક્તિને અટકાયતમાં લેવા કે રાખવાના જે હોદ્દાની રૂએ પોતાને સત્તા મળી હોય તેવો હોદ્દો ધરાવતી દરેક વ્યક્તિ;

**આઠમું**–ગુના થતા અટકાવવાની, ગુનાની માહિતી આપવાની, ગુનેગારને ઇન્સાફ માટે ખડા કરવાની અથવા જાહેર આરોગ્ય, સલામતી કે સગવડનું રક્ષણ કરવાની એક સરકારી અધિકારી તરીકે જેની ફરજ હોય તેવા દરેક સરકારી અધિકારી;

**નવમું**–સરકાર વતી કોઈ મિલકત લેવાની, પ્રાપ્ત કરવાની, રાખવાની કે વાપરવાની અથવા સરકાર વતી કોઈ મોજણી, આકારણી કે કરાર કરવાની, અથવા કોઈ મહેસૂલી કાર્યવાહી હુકમનો અમલ કરવાની, અથવા સરકારના નાણાકીય હિતનેઅસર કરતી કોઈ બાબતની તપાસ કરવાની કે તે વિષે રિપોર્ટ કરવાની અથવા સરકારના નાણાકીય હિતસંબંધી કોઈ દસ્તાવેજ કરવાની, તેને પ્રમાણિત કરવાની કે તે રાખવાની, અથવા સરકારના નાણાકીય હિતોના રક્ષણ માટે કોઈ કાયદાનો ભંગ થતો અટકાયતની એક અધિકારી તરીકે જેની ફરજ હોય તેવા દરેક અધિકારી,

**દસમું**–કોઈ મિલકત લેવાની, પ્રાપ્ત કરવાની, રાખવાની કે વાપરવાની, કોઈ મોજણી કે આકારણી કરવાની, અથવા કોઈ ગામ, શહેર કે જિલ્લાના સમાન બિન-સાંપ્રદાયિક હેતુ માટે કોઈ વેરો કે કર નાખવાની અથવા કોઈ ગામ, શહેર કે જિલ્લાના લોકોના હક્કો નિશ્ચિત કરવા માટે દસ્તાવેજ કરવા, તેને પ્રમાણિત કરવા કે રાખવા એક અધિકારી તરીકે, જેની ફરજ હોય તેવા દરેક અધિકારી;

**અગિયારમું**–કોઈ મતદાર યાદી તૈયાર કરવાની, પ્રસિદ્ધ કરવાની, જાળવવાની કે તેને સુધારવાની અથવા કોઈ ચૂંટણી કે ચૂંટણીના કોઈ ભાગનું સંચાલન કરવાની સત્તા મળી હોય તેવો હોદ્દો ધરાવતી દરેક વ્યક્તિ;

Scanned with CamScanner

**બારમું**–(ક) સરકારી નોકરીમાં હોય કે તેની પગારદાર હોય અથવા જાહેર ફરજ બજાવવા માટે જેને ફી અથવા કમિસન રૂપે સરકાર મહેનતાણું આપતી હોય તે દરેક વ્યક્તિ. ***(આર. એસ. નાયક વિ. એ. આર. અંતુલે ૧૯૮૪ ક્રિ.લૉ.જ. ૬૧૩ સુ.કો)***

(ખ) સ્થાનિક સત્તા મંડળની, કેન્દ્રના પ્રાંતના કે રાજ્યના કોઈ અધિનિયમથી સ્થપાયેલા કોઈ કોર્પોરેશનની અથવા 'કંપની અધિનિયમ, ૧૯૫૬'ની કલમ ૬૧૭માં વ્યાખ્યા કર્યા મુજબની સરકારી કંપનીની નોકરીમાં હોય કે તેની પગારદાર હોય કે દરેક વ્યક્તિ.

## ઉદાહરણ

મ્યુનિસિપલ કમિશનર રાજ્ય સેવક છે.

**સ્પષ્ટીકરણ-૧.** ઉપરનાં વર્ણનોમાં આવી જતી વ્યક્તિએ, તેમને સરકારે નીમી હોય કે ન હોય તો પણ તેઓ રાજ્યસેવક છે.

**સ્પષ્ટીકરણ-૨.** 'રાજ્ય સેવક' એ શબ્દ જ્યાં જ્યાં આવતો હોય ત્યાં ત્યાં રાજ્ય સેવકનો હોદ્દો ખરેખર ધરાવતી વ્યક્તિ માટે તે વપરાયો છે એમ સમજવું. પછી ભલે તેના તે હોદ્દા ધરાવવાના તેના હક્કમાં કાયદાની દૃષ્ટિએ કોઈ પણ ખામી હોય;

**સ્પષ્ટીકરણ-૩.** 'ચૂંટણી' એ શબ્દ, જેને માત્ર ચૂંટણી દ્વારા પસંદગી કરવાની પદ્ધતિ, કોઈ કાયદાથી કે તે હેઠળ ઠરાવી હોય તેવી કોઈપણ પ્રકારની ધારાસભાના, નગરપાલિકાના કે બીજા જાહેર સત્તામંડળના સભ્યોની પસંદગી માટેની ચૂંટણીનો નિર્દેશ કરે છે.

**સ્પષ્ટીકરણ-૪.** 'કોઈ પણ વેપાર કે ઉદ્યોગમાં રોકાયેલી કોર્પોરેશન' એ શબ્દો બેન્કિંગ, વીમો કે નાણાકીય કોર્પોરેશન, રિવરવેલી કોર્પોરેશન, અને જનતાને યાંત્રિક શક્તિ, વીજળી કે પાણી પહોંચાડવા માટેના કોર્પોરેશનને આવરી લે છે.

આ કલમમાં 'રાજ્ય સેવક'ની વ્યાખ્યા નથી, પરંતુ ગણતરીપૂર્વક એનું વર્ણન કરવામાં આવ્યું છે.

સામાન્ય જનતા અને રાજ્ય સેવકમાં તફાવત કરવા માટે જ આ કલમનો ઉપયોગ છે. સામાન્યતઃ રાજ્ય સેવકને અમુક ખાસ ફરજો બજાવવાની હોય છે અને એના સંદર્ભમાં એમને ખાસ હકો અને ખાસ પ્રકારનું રક્ષણ મળે છે. આ હક અને રક્ષણનો દુરુપયોગ થતાં એમને સખત શિક્ષા પણ કરવામાં આવે છે.

ભારત સરકાર અને રાજ્ય સરકારો જાહેર વિભાગમાં વેપાર કરવા માટે જુદી જુદી કંપનીઓ અને કારખાનાં શરૂ કરે છે. આવી કંપનીઓ માટે કેટલીક વખત ખાસ અધિનિયમ પસાર કરવામાં આવે છે. આ કંપનીઓએ નિયુક્ત કરેલા અધિકારીઓને પણ રાજ્ય સેવક ગણી શકાય એ હેતુથી ધી ક્રિમિનલ લૉ (એમેન્ડમેન્ટ) એક્ટ ૧૯૬૪થી આ કલમમાં બારમી જોગવાઈ અને ચોથી સમજૂતી ઉમેરવામાં આવી છે. રાષ્ટ્રીયકૃત બેન્કનો કર્મચારી રાજ્ય સેવક છે. ***કુરિયન વિ. કેરળ રાજ્ય, ૧૯૮૨ ક્રિ.લૉ.જ. ૭૮૦ (કેરાલા); કુંદનલાલ શર્મા વિ. પંજાબ રાજ્ય, ૧૯૮૫ ક્રિ.લૉ.જ. ૧૪૧૧ (PH)*** દિલ્હી હાઈકોર્ટ આનાથી વિરુદ્ધ મત ધરાવે છે. ***રઘુનાથરાયકુમાર વિ. બી. એન. ખન્ના ૧૯૮૩ ક્રિ.લૉ.જ. (એન.ઓ.સી) ૧૫૪.***

નોકરીમાંથી સસ્પેન્ડ થયેલો સરકારી અધિકારી મટી જતો નથી. ***ડૉ. લક્ષ્મણસિંહ વાઘેલા વિ. નરેશકુમાર ઝાલા, ૨૫(૨) ૧૯૮૪ ગુ.એલ.આર. ૮૫૦.***

અદાલત તરફથી નીમવામાં આવેલો કમિશનર રાજ્યસેવક છે. કોઈ વ્યક્તિ રાજ્ય સેવક છે કે નહિ તેને માટે બે મુખ્ય કસોટી છે :

(૧) તે સરકારી સેવામાં છે કે નહિ અથવા તેને સરકાર તરફથી પગાર મળે છે કે કેમ ***ધનપાલસીંગ, એ.આઈ.આર. ૧૯૭૦ પંજાબ ૫૧૪.***

Scanned with CamScanner

(૨) તેને કોઈ જાહેર ફરજ સોંપવામાં આવી કે કેમ. **જી. મોન્ટેરીઓ, એ.આઈ. આર. ૧૯૫૭ એસ.સી.** **અખ્તાર આલમ વિ. બિહાર રાજ્ય, (૧૯૯૬)૧ એસ.સી. સી. ૧૪૨.**

મ્યુનિસિપલ કાઉન્સિલર કે મ્યુનિ. ચેરમેન પણ રાજ્ય સેવક છે. **રમેશ કુલકર્ણી વિ. મહા. રાજ્ય, ૧૯૮૬ ક્રિ.લૉ.જ. ૧૪ (એસ.સી.)**

કોઈ સરકારી કૉલેજના અધ્યાપક જ્યારે યુનિવર્સિટીના પરીક્ષક તરીકે કામ કરતો હોય, ત્યારે તે સંદર્ભમાં તે રાજ્યસેવક નથી. **ગુજરાત રાજ્ય વિ. એમ. પી. દ્વિવેદી, ૧૯૭૨ ક્રિ.લૉ.જ. ૧૨૪૭ એસ.સી.** પરંતુ કૉલેજના સંદર્ભમાં એ રાજ્યસેવક છે. **અજમેર રાજ્ય વિ. શિવાજીલાલ એ.આઈ.આર. ૧૯૫૯ એસ.સી. ૮૪૭; ઓવર રૂલ્ડ બાય સકસેના વિ. દિલ્હી રાજ્ય, ૧૯૮૨(૧) ક્રિ.લૉ.જ. ૨૯૩ (એસ.સી.)**

રાજ્યસેવકની નિમણૂકમાં અથવા તેનો હોદ્દો ધરાવવાના હકમાં કાંઈ ખામી હોય તો પણ તે રાજ્યસેવક છે. **રામકૃષ્ણ દાલમિયા, એ.આઈ.આર. ૧૯૬૨ એસ.સી. ૧૮૨૧; બજરંગલાલ વિ. રાજસ્થાન રાજ્ય, એ.આઈ.આર. ૧૯૭૬ એસ.સી. ૧૦૦૮.**

લાંચરુશ્વત નિરોધક અધિનિયમ ૧૯૪૭ની કલમ ૨ના હેતુ માટે રાજ્યસેવકની આ વ્યાખ્યા ગણવાની છે. **ચૌધરી વિ. ઉ. પ્ર. રાજ્ય એ.આઈ.આર. ૧૯૫૯ એસ.સી. ૧૩૧૦.** આ વ્યાખ્યામાં જે કાંઈ સુધારો થાય તે આપોઆપ ત્યાં લાગુ પડે છે. **મ.પ્ર. રાજ્ય વિ. નરસિંહન, એ.આઈ.આર. ૧૯૭૫ એસ.સી. ૧૮૩૫.**

ઇન્ડિયન એરલાઇન્સ કોર્પોરેશનનો કર્મચારી રાજ્યસેવક છે. **એચ. વિ. જગદીશ, એ.આઈ.આર. ૧૯૬૬ આં.પ્ર. ૩૫.**

રેલવે કર્મચારી રાજ્યસેવક છે. **રામકૃષ્ણ વિ. દિલ્હી રાજ્ય, એ.આઈ.આર. ૧૯૫૬ એસ.સી. ૪૭૬.**

રાજ્યના મુખ્ય પ્રધાન કે પ્રધાન રાજ્યસેવક છે. **એમ. કરુણાનિધિ વિ. મધ્યસ્થ સરકાર, ૧૯૭૯ ક્રિ.લૉ.જ. ૭૭૩.** રાજ્ય વિધાનસભાનો સભ્ય રાજ્યસેવક નથી. ૨૧-ક હવે એને પગાર આપવામાં આવે છે. એ સંદર્ભમાં પણ એને રાજ્યસેવક ગણી શકાય નહિ. એને સરકાર પગાર નથી આપતી. પરંતુ વિધાનસભા પગાર આપે છે. અને સરકાર અને વિધાનસભા એ બેમાં તફાવત છે. **આર. એસ. નાયક વિ. એ. આર. અંતુલે, ૧૯૮૪ ક્રિ.લૉ.જ. ૬૧૩ (એસ.સી.)**

સિટી સિવિલ કોર્ટે નીમેલા કમિશનર રાજ્યસેવક છે. **ચીનુભાઈ વિ. કે. જે. મહેતા, ૧૯૭૭ જી.એલ.આર. ૧૧૫૯.**

સ્પષ્ટીકરણ-૨ સ્પષ્ટ કરે છે કે વ્યક્તિ રાજ્યસેવકનો હોદ્દો ધરાવતી હોવી જોઈએ. જ્યારે આવો કોઈ હોદ્દો જ ન હોય ત્યાં એની નિમણૂક હકૂમત સિવાયની છે, અને આવી વ્યક્તિને રાજ્યસેવક ગણી શકાય નહિ. **પદમસેન વિ. ઉ. પ્ર. રાજ્ય, એ.આઈ.આર. ૧૯૬૧ એસ.સી. ૨૧૮.**

જ્યારે રાજ્યસેવકને થોડા સમય માટે તેના હોદ્દા ઉપરથી સસ્પેન્ડ કરવામાં આવ્યો હોય ત્યારે પણ તે રાજ્યસેવક મટી જતો નથી. **ધનપાલસિંગ વિ. પંજાબ રાજ્ય, એ.આઈ.આર. ૧૯૭૦ પંજાબ ૫૧૪.**

રાજ્યસેવકને સોંપવામાં આવેલી ફરજ, પછી એ ફરજ કાયદા હેઠળ હોય કે વહીવટી હુકમ હેઠળ, જાહેર ફરજ બની જાય છે. પરંતુ આવી ફરજ ગેરકાયદે કે જાહેર નીતિની વિરુદ્ધ ન હોવી જોઈએ. આ રીતે જિલ્લા સલાહકાર સમિતિના પ્રમુખ તરીકે કામ કરતાં પ્રધાન રાજ્યસેવક છે. **દત્તાત્રય વિ. મહારાષ્ટ્ર રાજ્ય, (૧૯૭૬)૧ એસ.સી.સી. ૧૧.**

સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સેન્સરના પ્રમુખ રાજ્ય સેવક છે. **આશાપારેખ વિ. બિહાર રાજ્ય, ૧૯૭૭ ક્રિ.લૉ.જ. ૨૧ (પટણા).**

ઇલેક્ટ્રોનિક્સ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાના મેનેજિંગ ડિરેક્ટર રાજ્યસેવક છે. **એ. એસ. રાવ, ૧૯૭૮**

Scanned with CamScanner

*ક્રિ.લૉ.જ. એન.ઓ.સી. ૬૫ આં.પ્ર.*

પરંતુ નીચેની વ્યક્તિઓ રાજ્યસેવક નથી :

વીમા અધિનિયમની કલમ ૩૩ હેઠળ વીમા કંપનીની તપાસ કરતો ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ. **આર. કે. દાલમિયાં, ૧૯૬૨, ક્રિ.લૉ.જ. ૮૦૫.**

સરકારી ગ્રાન્ટ અથવા મદદ મેળવતી ખાનગી શાળાઓના આચાર્યો તથા શિક્ષકો, **૧૯૭૧ ઓલ ક્રિ. રી. ૨૯૭.**

સહકારી મંડળીનો મંત્રી, ૧૯૭૪ કેરાલા એલ.ટી. ૭ સહકારી સોસાયટીનો સામાન્ય કર્મચારી ***યશવંત ગુણાજી વિ. મહારાષ્ટ્ર રાજ્ય, ૧૯૮૧ ક્રિ.લૉ.જ. ૧૯૧૮ (મુંબઈ).*** અહીં મુંબઈ હાઈકોર્ટે સહકારી સોસાયટીનો ઑફિસર અને સામાન્ય કર્મચારી વચ્ચે ભેદ પાડ્યો છે.

કોઈ રાજ્યસેવક સહકારી મંડળીમાં ડેપ્યુટેશન ઉપર કામ કરતો હોય ત્યારે તે ક. ૨૧(૧૨) હેઠળ રાજ્યસેવક ગણી શકાય નહિ. કારણ કે તે રાજ્યની નોકરી નથી કરતો કે રાજ્ય તરફથી પગાર નથી મેળવતો. ***એસ. એસ. ધનાવ વિ. દિલ્હી મ્યુનિ. કોર્પોરેશન, ક્રિ.લૉ.જ. ૮૭૧ (એસ.સી.)***

કોઈ રાજ્યના સરકારી ડૉક્ટર Central Services (Medical Attendance) Rules 1944 હેઠળ મધ્યસ્થ સરકારના રાજ્ય સરકારના રાજ્યસેવકો માટે Authorised Medical Attendant તરીકે નિમાયા હોય ત્યારે આ ફરજ બજાવતી વખતે તે રાજ્યસેવક ગણાય નહિ. ***એસ. ડી. ઉસ્માન વિ. રાજ્ય, ૧૯૮૨ ક્રિ.લૉ.જ. ૨૫૫ (મદ્રાસ)***

### કલમ ૪૫ બો. ડી. મ્યુ. એક્ટ—

(૧) ડિસ્ટ્રીક્ટ મ્યુ.ના પ્રેસીડેન્ટ સામે ફરિયાદ દાખલ કરવા કાંઈના ક્રિ. પ્રો. કો. કલમ ૧૯૭ નીચે મંજૂરીની જરૂર નથી. ***(એ.આઈ.આર. ૧૯૬૪ બોમ્બે-૧૯૧)***

(૨) મ્યુ. કાઉન્સિલરને હોદ્દા ઉપરથી રદ કરવા માટે રાજ્ય સરકારની મંજૂરીની જરૂર છે કારણ તે તેવો જાહેર સેવક છે. ***(એ.આઈ.આર. ૧૯૫૩ સૌ-૧૪૩)***

(૩) મ્યુ.ના અધિકારીઓ તથા નોકરો 'પબ્લિક સર્વન્ટસ' છે. મ્યુ. તરફથી ફરિયાદમાં કોઈ પ્રોસેસ ફી ભરવી જરૂરી નથી. ***(એ.આઈ.આર. ૧૯૬૧, ગુજરાત ૫૭)***

(૪) કલમ ૪૨ બો. મ્યુ. બ. એક્ટની જોગવાઈઓ, કાઉન્સિલરે, કરેલી ઉચાપત પૂરતી સિમિત નથી. પરંતુ તેની જોગવાઈઓ કોઈપણ ઇસમે કોઈપણ ઉચાપત કરી છે તેને લાગુ પડે છે.

આવી રકમ વસૂલ કરવા કોઈ સમયમર્યાદા નથી અને સરકાર આવા દાવામાં પક્ષકાર હોવી જરૂરી નથી.

પરંતુ એ પ્રાથમિક મુદ્દા ઉપર દાવો રદ ન થાય તે માટે કલમ ૨૫૨ નીચે નોટિસ આપવી જરૂરી છે. ***(એ.આઈ.આર. ૧૯૩૨ બોમ્બે-૫૬૨)***

## (૭) કાર્યવાહીની કાયદેસરતા

### □ ક. ૭૪. નગરપાલિકા સમિતિનાં કાર્યો તથા કાર્યવાહી નગરપાલિકાના સભ્યોની ગેરલાયકાતો વગેરેથી દુષિત નહિ થવા બાબત :

(૧) સભ્ય તરીકે અથવા સામાન્ય બેઠકોના પ્રમુખ અથવા પ્રમુખ સ્થાન લેનાર સત્તાધિકારી તરીકે અથવા આ અધિનિયમન અન્વયે નીમેલી સમિતિના અધ્યક્ષ અથવા સભ્ય તરીકે કામ કરતી કોઈ વ્યક્તિની કોઈ ગેરલાયકાતથી અથવા તેની ચૂંટણી અથવા નિમણૂકની ખામીથી યથાપ્રસંગ નગરપાલિકાનાં અથવા એવી કોઈ સમિતિનાં જે કોઈ કાર્ય અથવા કાર્યવાહીમાં આવી વ્યક્તિઓ ભાગ લીધો હોય તે કોઈ કૃત્ય અથવા કાર્યવાહી એવાં કાર્ય અથવા કાર્યવાહીમાં સામેલ હોય તેવી વ્યક્તિઓ પૈકી મોટા ભાગની વ્યક્તિઓને જે જે પ્રસંગે કામ કરવાનો હક હોય તે પ્રસંગે દૂષિત થાય છે એમ ગણાશે નહિ.

Scanned with CamScanner

નગરપાલિકાનો અથવા આ અધિનિયમ અન્વયે નીમેલી કોઈ સમિતિનો કોઈ ઠરાવ કોઈ સભ્ય ઉપર નોટિસ બજાવવામાં થયેલી કોઈ નિયમ બાહ્યતાને લીધે ગેરકાયદેસર થાય છે એમ ગણાશે નહિ, પરંતુ નગરપાલિકાની અથવા સમિતિની કાર્યવાહીને આવી નિયમ બાહ્યતાનો લીધે કોઈપણ રીતે પ્રતિકૂળ અસર થયેલી હોવી જોઈશે નહિ.

**કાર્યવાહી યોગ્ય અને માન્ય હોવાનું અનુમાન કરવા બાબત :**

(૨) વિરુદ્ધ સાબિત ન થાય ત્યાં સુધી નગરપાલિકાની અથવા આ અધિનિયમ અન્વયે નીમેલી સમિતિની જે કોઈ બેઠકની કાર્યવાહીના સંબંધમાં આ અધિનિયમ અનુસાર કાર્યનોંધ કરવામાં આવી હોય અને તેના ઉપર સહી કરવામાં આવી હોય તે બેઠક યોગ્ય રીતે બોલાવવામાં તથા ભરવામાં આવી હતી એમ ગણાશે અને તે બેઠકના તમામ સભ્યો યોગ્ય લાયકાત ધરાવે છે એમ ગણાશે, અને કાર્યવાહી હોય ત્યારે આવી સમિતિ યોગ્ય રીતે રચવામાં આવી છે અને કાર્યનોંધમાં ઉલ્લેખેલી બાબતોની તજવીજ કરવાની તેને સત્તા હતી એમ ગણાશે.

**વિવરણ**

પ્રેસીડેન્ટની ચૂંટણી થઈ છે છતાં તે પછીની મીટીંગ ઉપર ચેરમેન કે કોઈ બીજી વ્યક્તિ પ્રીસાઈડીંગ ઓફિસર કે પ્રમુખ થાય છે તે એક અનિમિયતતા છે અને તેથી તે મીટીંગની કાર્યવાહી પ્રદૂષિત થતી નથી. *(એ.આઈ.આર. ૧૯૩૬, મુંબઈ ૫૬)*

## (૮) નગરપાલિકાના હિસાબો

### ☐ ક. ૭૫. હિસાબ રાખવા બાબત :

દરેક નગરપાલિકાની આવક અને ખર્ચના હિસાબો દરેક દાખલામાં રાજ્ય સરકાર આદેશ કરે તેવા ફેરફારોને અધીન રહીને નગરપાલિકાના હિસાબ બાબતના અધિનિયમ અનુસાર રાખવા જોઈશે.

**વિવરણ**

મ્યુ.ની કર નાખવાની સત્તા કલમો ૭૫ અને ૭૫ અધીન નથી. *જુઓ કલમ ૯૯(૨૫)(૧) (૧૯૮૪ ગુ.લૉ.રી. ૨૫૦)*

### ☐ ક. ૭૬. અંદાજપત્ર, હિસાબો રજૂ કરવા બાબત :

(૧) નગરપાલિકાએ પોતાની સામયિક સામાન્ય બેઠકોમાં તેની તરત અગાઉના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી નગરપાલિકાના આવક તથા ખર્ચના પૂરેપૂરા હિસાબો તૈયાર કરાવી તેની સમક્ષ મૂકવા જોઈશે અને નગરપાલિકા નિયમોથી આ અર્થે ૧૦મી જાન્યુઆરી અને ૧૫મી માર્ચ વચ્ચેનો જે દિવસ નક્કી કરવામાં આવે તે દિવસે જે સામાન્ય બેઠક ભરવામાં આવે તેમાં ત્યાર પછીના તરતના માર્ચ મહિનાની ૩૧મી તારીખે પૂરા થતાં નાણાકીય વર્ષ માટેના ખરેખરા અને સંભવિત આવક તથા ખર્ચનો પૂરેપૂરો હિસાબ ત્યાર પછીના તરતના એપ્રિલ મહિનાની ૧લી તારીખથી શરૂ થનારા નાણાકીય વર્ષ માટેના નગરપાલિકાના આવક અને ખર્ચના અંદાજપત્ર સાથે તૈયાર કરાવી તેની સમક્ષ મૂકવો જોઈશે.

(૨) તેમ થયે નગરપાલિકાએ ત્યાર પછીના તરતના એપ્રિલ મહિનાની ૧લી તારીખે શરૂ થનારા વર્ષના અંદાજપત્રમાં સમાવિષ્ટ કરેલા નાણાંના વિનિયોગ તથા નાણાં ઊભાં કરવાનાં સાધન બાબત નિર્ણય કરવો જોઈશે. આવી રીતે મંજૂર કરેલા અંદાજપત્રોમાં સંજોગો અનુસાર ઇચ્છનીય હોય તેવા ફેરફારો માટે બોલાવેલી ખાસ સામાન્ય બેઠકમાં વખતોવખત કરી શકાશે.

પરંતુ કારોબારી સમિતિ અથવા આ અધિનિયમ અન્વયે નિમાયેલી બીજી કોઈ સમિતિ આવી રીતે મંજૂર કરેલાં અંદાજપત્ર પ્રમાણે એક જ મુખ્ય સદર હેઠળના અને તે જ સમિતિના નિયંત્રણ હેઠળના એક પેટા-સદરમાંથી બીજા પેટા-સદરમાં અથવા એક ગૌણ સદરમાંથી બીજા ગૌણ સદરમાં રૂપિયા ૫૦૦૦ કરતાં વધે

Scanned with CamScanner

નહિ તેટલી રકમનો પુનઃવિનિયોગ કરવાનું મંજૂર કરી શકશે આવા પુનઃવિનિયોગનું પત્રક દરેક ત્રિમાસિક સામાન્ય બેઠક વખતે નગરપાલિકાને સાદર કરવું જોઈશે.

(૩) પેટાકલમ ૨માં જોગવાઈ કરવામાં આવેલ છે તે સિવાય જો કોઈ રકમનો ખર્ચ કરતી વખતે મંજૂર કરવામાં આવેલ અને અમલમાં હોય તેવા અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ ન હોય તો આવી રકમ નગરપાલિકાએ અથવા તેમના વતી ખર્ચવી નહિ.

(૪) નગરપાલિકાએ ગયા વર્ષના હિસાબો એપ્રિલ મહિનાની સામાન્ય બેઠકમાં અથવા ગયા વર્ષના હિસાબોની તપાસણી સામાન્ય બેઠક પહેલાં થઈ ન હોય તો તે થયા પછી મંજૂર કરવા જોઈશે.

**વિવરણ**

(૧) મ્યુનિ.ની કરવેરાની સત્તા કલમો ૭૫ અને ૭૬ને અધીન નથી. (જુઓ કલમ ૯૯(૨૫(૧) *(૧૯૮૪ ગુ.લૉ.રી. ૨૧૦)*

(૨) મ્યુનિ. અન્ડરટેકીંગની આવક નફાકારક નથી. તેને મ્યુનિ.ની આવક તરીકે ગણવાની હોય છે. *(૫૯ મુંબઈ લૉ. રી. ૨૩૫ એ.આઈ.આર. ૧૮૨ સુ.કો. ૧૧૦)*

### □ ક. ૭૭. હિસાબોની તપાસણી :

(૧) સન ૧૯૬૩નો ગુજરાત ૪૯મો. ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટર અધિનિયમ, ૧૯૬૩ની જોગવાઈઓ હેઠળ ઠરાવેલી ઓડિટ ઉપરાંત નગરપાલિકાના હિસાબોનું ઓડિટ નગરપાલિકાના નિયમોમાં ઠરાવવામાં આવે તે ગાળાએ અને તે સાધનો દ્વારા કરી શકાશે.

(૨) પેટાકલમ (૧)માં ગમે તે મજકૂર હોય તે છતાં, નગરપાલિકાના હિસાબોનું ઓડિટ રાજ્ય સરકાર એવો આદેશ કરે તો કોઈપણ સમયે કરવું જોઈશે.

(૩) ઓડિટરને પોતાના હોદ્દાના હેતુઓ માટે નગરપાલિકાના તમામ હિસાબો તથા દફ્તરો જોવા માટે મેળવવાની છૂટ રહેશે.

*(૪) પૂર્વવતી પેટા-કલમોમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં૪ રાજ્ય સરકારે, નગરપાલિકાના ઓડિટ પરના ટેકનિકલ માર્ગદર્શન અને દેખરેખની કામગીરી ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલને સોંપવી જોઇશે.

*(૫) રાજ્ય સરકારે, પેટા-કલમ (૧)માં ઉલ્લેખ કર્યા પ્રમાણેનો ગુજરાત સ્થાનિક ફંડ ઓડિટ અધિનિયમ, ૧૯૬૩ હેઠળનો ઓડિટ અહેવાલ, પેટા-કલમ (૪)માં ઉલ્લેખ કર્યા પ્રમાણેના ટેકનિકલ માર્ગદર્શન અને દેખરેખ પરના ભારતના કમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલના અહેવાલ સહિત રાજ્ય વિધાનમંડળ સમક્ષ મુકવડાવવો જોઇશે.

### □ ક. ૭૮. હિસાબો રાજ્ય સરકારને મોકલવા બાબત :

નગરપાલિકા ગયા વર્ષના હિસાબો તૈયાર કરે કે તરત જ તેની એક નકલ અથવા રાજ્ય સરકાર ઠરાવે તેવા નમૂના પ્રમાણેનો હિસાબ તેણે રાજ્ય સરકારને અથવા આ અર્થે તેણે યોગ્ય રીતે અધિકૃત કરેલા કોઈ અધિકારીને મોકલી આપવા જોઈશે, અને રાજ્ય સરકાર અથવા આવો અધિકારી વખતોવખત આદેશ કરે તેવાં તેને લગતાં વિગતો તથા ઓચરિયાં પણ પૂરાં પાડવાં જોઈશે.

### □ ક. ૭૯. હિસાબોની પ્રસિદ્ધિ :

ત્રિમાસિક અને વાર્ષિક હિસાબો, આવક તથા ખર્ચ અને મંજૂર થયેલું અંદાજપત્ર લોકોને જોવા માટે ખુલ્લાં રહેશે અને નગરપાલિકા આ અર્થે ઠરાવે તેવી રીતે તે પ્રસિદ્ધ કરવાં જોઈશે.

**વિવરણ**

મ્યુ. તરફથી કોઈ 'અન્ડર ટેકીંગ' એટલે કોઈ કામ કરવાનું હાથ ધરવામાં આવ્યું છે તેમાંથી જે નફો થાય તે નફો નહીં પણ આવક ગણાય. *(એ.આઈ.આર. ૧૯૫૭ સુ.કો. ૧૧૦)*

□ □ □ □ □

*૨૦૧૧ના ગુજરાતના એક્ટ નં. ૨૧થી (ગુજ. ગર્વ. એક્સ્ટ્રા. ઓર્ડી. ગેઝેટ પાર્ટ-૪, નં. ૨૧, તા. ૪-૫-૨૦૧૧)

Scanned with CamScanner